## માલપુરના અણીયોર ગામેથી પટેલીયાના મુવાડાના યુવાનનો મૃતદેહ મળતા ખળભળાટ









# વિરમગામ ખાતે શાળાના બાળકોનું નામાંકન અને આંગણવાડીના ભૂલકાંઓનો નંદઘરમાં પ્રવેશ

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યનું એકપણ બાળક શાળામાં પ્રવશેથી વંચિત ન રહે તેવી નેમ શહેરી ક્ષેત્ર શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે વિરમગામમાં વ્યકત કરી હતી. તેમણે શહેરી ક્ષેત્રના શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવના બીજા દિવસે અમદાવાદ જિલ્લાના વિરમગામની તાલુકા પ્રાથમિક શાળામાં ૨૧ બાળકોનું શાળામાં નામાંકન કરાવ્યું હતું. ૪૮ ભૂલકાંઓને આંગણવાડીના નંદઘરમાં આવકાર્યા હતા. રાજ્યનું હરેક બાળક શાળામાં પ્રવેશ મેળવે, ભણે-ગણે આગળ વધે તે માટે રાજ્ય સરકાર છેલ્લા ૧૪ વર્ષથી શિક્ષણનો આ યજ્ઞ અવિરત ચલાવી રહી છે તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, બાળક શાળામાં જશે તો તેનામાં રહેલી શકિતઓ ઉજાગર કરી શકાશે. કારણ કે દરેક બાળકમાં કોઈકને કોઈક શકિતઓ વિશેષ પડેલી હોય જ છે અને શાળા એવું માધ્યમ અને પ્લેટફોર્મ છે કે જ્યાં બાળકની સુષુપ્તશકિતઓને ઓળખી તેને નિખાર આપી શકાય.આજથી ૧૫ વર્ષ પહેલાં ૫ વર્ષ સુધીના ૫૦ ટકા બાળકો શાળાનું પગથિયું પણ ચડતા નહોતાં તેના બદલે આજે રાજ્યના દરેકે-દરેક બાળકનો આ શાળા પ્રવેશ થાય તેનું અભિયાન અમે ઉપાડયું છે.

# તલોદમાં બેકાબુ બનેલા દબાણો દૂર કરવા વેપારી મંડળે કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

તલોદ, તા. ૧૬

તલોદ બજારમાં લારી-ગલ્લાઓના મોટા પાયે બેકાબુ બનેલા દૂષણને દૂર કરવા એક આવેદનપત્ર તલોદના વેપારી મંડળોએ ચીફ ઓફિસર પ્રમુખ અને કલેક્ટરને આપેલ છે. એક અઠવાડીયામાં બજારના આ દબાણો દૂર નહી થાય તો વેપારીઓ અહિંસક આંદોલન કરશે અને અચોક્કસ મુદત માટે તલોદ બજાર બંધનું એલાન કરશે તેમ ચીમકી પણ આપેલ છે.

તલોદમાં સુભાષચોકથી માતાજીના ચોક સુધીના બજારના મુખ્ય રોડ ઉપર લારી-ગલ્લા અને પાથરણાવાળાઓએ ગેરકાયદેસર દબાણો કરી માઝા મુકી છે. કેટલાક લુખ્ખા તત્વો અને વેપારી પરિવારો સાથે તકકારો થાય છે. વેપારીઓને ધાક-ધમકીઓ મળે છે જ્યારે ગેર કાયદેસર દબાણ કરતાઓને સહાય મળે છે.

તલોદ બજારમાં આડેધડ, વગર મંજુરીએ મનાતા ગે.કા. મોટા પાકા તોતીંગ દબાણો થઈ રહ્યા હોવાનું બજાર આખામાં ચર્ચાય છે. લાગતા વળગતા જાગૃત જનોએ ન.પા.ના ચીફ ઓફિસર અને પ્રમુખને જાણ પણ કરી છે. પરંતુ દબાણો સામે રોક નહી લગાવતા પાલીકાની ભૂમિકા શંકાસ્પદ દેખાઈ રહી છે. લાખો કરોડોના બાંધકામ કરીને, લોકોને તે વેચી મારી આવા તત્વો લહેર કરે છે. જેમના માટે કાયદો અસરકારક કામ કરે તેવી જોરદાર માંગણી તલોદ કરી રહ્યું છે.

# નવાબાકરપુર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૬

પ્રાંતિજના નવા બાકરપુર ખાતે આવેલ પ્રાથમિક શાળામાં ગુરૂવારના રોજ કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. શિક્ષણ અધિકારી ટી.કે. વાઘેલા, બીટ નિરીક્ષક તિગુણાબેન પંડ્યા, નાયબ કાર્યપાલ ઈજનેર એસ.સી. ભટ્ટ, બીઆરસી ભાવનાબેન મોદી, સીઆરસી કૌશિકભાઈ પટેલ તથા કરવામાં આવ્યું હતું. જ્યારે ધોરણ-૧માં પ્રવેશ મેળનાર છ વિદ્યાર્થીઓને પુસ્તકની કીટ આપીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. જ્યારે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા






પ્રાંતિજના નવાબાકરપુર ખાતે ગુજરાત પ્રદેશ આદિજાતિ વિકાસ નિગમના અધ્યક્ષ રમીલાબેન બારા, પૂર્વ શિક્ષણમંત્રી અને પ્રદેશ ઉપાધ્યક્ષ જયસિંહ ચૌહાણ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મહેસાણા અને સાબરકાંઠા ઈન્ચાર્જ હર્ષદભાઈ રાવલ, જિલ્લા સદસ્ય દોલતસિંહ, તાલુકા પ્રાથમિક શાળાના આચાર્ય તપેન્દ્રભાઈ રાવલ તથા શિક્ષિકાબેન હિનાબેન જોષી સહિત વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જ્યારે આવનારા મહેમાનોનું સ્વાગત બાદ ગામના વયોવૃદ્ધ પટેલ કાન્તીભાઈ તથા કેશુભાઈ કાશળીદાસ પટેલનું રમીલાબેન બારા દ્વારા શાલ ઓઢાડીને સન્માન યોગ અને પીચ દ્વારા આવનારા મહેમાનોના દિલ જીતી લીધા હતા. આવનારા મહેમાનો દ્વારા શાળા સંકુલમાં આયોર્વેદિક વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાની વિદ્યાર્થીની તથા અરવિંદભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# શામળાજીની એકલવ્ય મોર્ડન રેસીડેન્સી સ્કૂલમાં પાણીના અભાવે ૩૪ વિદ્યાર્થીઓએ અભ્યાસ છોડતા હોબાળો

## પ્રવેશોત્સવ અને ગુણોત્સવના તાયફા વચ્ચે શિક્ષણ જગતની વરવી વાસ્તવિકતા











શામળાજી, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીકના શામળપુર ગામ નજીક આવેલ એકલવ્ય મોર્ડન રેસીડેન્સી સ્કૂલ સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. આ સ્કૂલમાં ૬ થી ૧૨ ધોરણના વિદ્યાર્થી ભાઈ-બહેનો ૪૨૫ જેટલી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ત્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી ૩૪ વિદ્યાર્થીઓએ શાળામાં અને હોસ્ટેલમાં પાણીની સમસ્યાને લીધે અભ્યાસ છોડીને જતી રહેતા સરકારની બેધારી નીતિ સામે આદિવાસી સમાજના લોકોમાં રોષ ફેલાયો છે.

ગુજરાત સરકારના આદિવાસી વિભાગ દ્વારા ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓને વિના મુલ્યે ગુણવત્તાસભર અભ્યાસ અને રહેઠાણની સુવિધા મળી રહે તે માટે ગુજરાત રાજ્યભરમાં મોડેલ સ્કૂલો બનાવવામાં આવી છે. પરંતુ રાજ્ય સરકારની ઉદાસીનતાના પગલે આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને અન્યાય થતા વિદ્યાર્થીઓ આ મોડેલ સ્કૂલમાં અભ્યાસ કરવાનુ ટાળી રહ્યા છે. ગુજરાત રાજ્યભરમાંથી આદિવાસી સમાજના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી રહ્યા છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી ૩૪ વિદ્યાર્થીનીઓ મોડેલ સ્કૂલ રેસીડેન્સીમાં પીવાના તથા ન્હાવા-ધોવાના પાણીની તંગી અને અનેકવાર રજૂઆત કરવા છતાં પાણીની સમસ્યાનો ઉકેલ નહિ આવતા તેમજ વિજ્ઞાનપ્રવાહના અપૂરતા સ્ટાફના અભાવે વિદ્યાર્થીઓના અભ્યાસને ઘેરી અસર પડતા ન છૂટકે વિદ્યાર્થીઓ તેમનો અભ્યાસ અધુરો છોડી તેમના વતને પરત ફરવાની નોબત આવતા આદિવાસી સમાજના લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે.

## એકલવ્ય રેસીડેન્સી સ્કૂલની વિદ્યાર્થિનીઓએ આચાર્યને રજૂઆત કરતા જાતિવિષયક અપશબ્દો બોલ્યા

એકલવ્ય રેસીડેન્સીમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીના વાલીએ રોષપૂર્વક જણાવ્યું હતું કે સ્કૂલમાં પડતી તકલીફો અને પાણીની સમસ્યા અંગે સ્કૂલના આચાર્યને રજૂઆત કરવા જતા આચાર્યનો રોષ ભભૂકી ઉઠ્યો હતો અને રજૂઆત કરવા પહોંચેલી વિદ્યાર્થીનીઓને ધમકાવતા જણાવ્યું હતું કે તમે આદિવાસી સમાજના લોકો સંસ્કાર વગરના છો અને સરકાર તમને મફત સગવડ આપે છે છતાં તમે ભણતા નથી તેમ ચોર કોટવાલને દંડે તેવુ જાતિ વિષયક ઉચ્ચારણ કરતા વિદ્યાર્થીઓ સમસમી ઉઠ્યા હતા. તેમજ આચાર્યની તાત્કાલીક અસરથી બદલી, શિક્ષકોની ઘટ અને પાણીની તંગી નિવારવા ઉગ્ર રજુઆત ઉચ્ચ કક્ષાએ કરવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું.

## વરસાદની આગાહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભૌગોલિક બાબતો તેમજ અન્ય બાબતો જોતા ૧૮મી જુનથી શુક્ર આદ્રા નક્ષત્રમાં આવે છે. ૨૧મી જૂનથી સૂર્ય આદ્રા નક્ષત્રમાં આવે છે. વળી હાલમાં સવારે કોરમડીના વાદળો જે બપોરે વિખરાઈ જતાં હોય છે. આવી સ્થિતિ પણ ચોમાસા જોડે સંબંધિત હોય છે એટલે દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ આવશે પરંતુ નીરનિરંતર ચોમાસાને વાર હોય તેમ જણાય છે. તા. ૧૭થી ૨૦માં ધુળભરી આંધી સાથે કેટલાક ભાગોમાં વરસાદી છાંટા કે ઝાંપટા પડવાની વકી છે. કચ્છ ઉત્તર ગુજરાતના ભાગોમાં ધુળભરી આંધી સાથે વરસાદી છાંટા કે ઝાંપટા પડવાની વકી રહેશે. ૨૧મી જૂન પછી ભેજનું પ્રમાણ વધતા દક્ષિણ ગુજરાતના ભાગોમાં અને સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદી વાતાવરણની શક્યતા છે. જુલાઈ તા. ૬ સુધીમાં ગુજરાતમાં ચોમાસુ આવી શકે.

## ભારત તરફે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓસ્ટ્રીયા, આયરલેન્ડ અને દક્ષિણ આફ્રિકા એવા દેશોમાં સામેલ છે જે ભારતની દાવેદારીનો વિરોધ કરી રહ્યા છે. ભારતે એનપીટી પર હસ્તાક્ષર કર્યા નથી જેથી વિરોધ કરવામાં આવે છે. પરંતુ ભારત તરફથી બનાવવામાં આવેલા અમેરિકી રાજદ્વારી દબાણ રંગ લાવી રહ્યુ છે. અમેરિકાના દબાણ સમક્ષ ઝુકીને અનેક દેશોએ ભારતને ટેકો આપવા માટે તૈયારી કરી છે. અમેરિકાના વિદેશ પ્રધાન જોન કેરીએ તમામ એનએસજી સભ્ય દેશોને પત્ર લખીને ભારતની દાવેદારીને લઈને વાત કરી છે. તેમણે પત્રમાં ભારતની તરફેણમાં ઉભી થઈ રહેલી સંમતિને બ્લોક ન કરવા માટેતમામ દેશોને સુચના આપી છે. બીજ બાજુ પાકિસ્તાની સરતાજ અજીજે તુર્કી અને ઓસ્ટ્રીયાનો આભાર માન્યો છે. કારણ કે આ દેશોએ પાકિસ્તાનને પરોક્ષરીતે ટેકો આપ્યો છે. તુર્કીએ ભારત અને પાકિસ્તાન બન્નેની અરજી પર વિચારણા કરવા માટે કહ્યુ છે. પાકિસ્તાનના દાવાને સમર્થન આપવા માટે આર્જેન્ટિનાને પણ પાકિસ્તાને અપીલ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એનએસજી માટે પોતે મોરચો સંભાળી લીધો છે. મોદી વિશ્વના દેશોને અંગત રીતે સંપર્ક કરીને તેમના સમર્થનની માગ કરી રહ્યા છે.

## દરખાસ્ત મંજૂર...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોંગ્રેસના અંકિત બારોટે વિરોધ કરતાં જણાવ્યું હતુ કે સ્માર્ટસીટી નહિ પણ પહેલાં પાટનગરની એક શહેર તરીકેની આગવી ઓળખ ઉભી કરો. કોંગીના જ શૈલેન્દ્રસિંહ બિહોલાએ કહ્યુ હતુ કે પાટનગરના વિકાસની ગતિ પર લગાવેલા સીલને દૂર કરો પછી ગતિશીલની વાતો કરો તો સારૂ લાગશે. યુવા સભ્ય યુવરાજસિંહ રાણાએ જણાવ્યું હતું કે સે. ૫, ૬માં તો સરકારી દવાખાના જ નથી તો શાળાઓમાં શિક્ષકો નથી.

કોંગ્રેસના ચીમનભાઈ વિંઝુડા, હસમુખભાઈ મકવાણા તેમજ જીતુ રાયકાએ મનપાની સેવાઓના સઘનીકરણની વાત કરી જણાવ્યું હતુ કે મનપાને મળેલ સફાઈની સેવા પણ પુરી પહોંચાડી નથી શકતા અને સ્માર્ટ સીટી બનાવવાની ખોટી વાતો કરી પ્રજાના પૈસા વેડફશો નહિ.

સામે પક્ષે સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલે બચાવમાં કહ્યું કે સે. ૨૧માં જીમખાનાનું કરાયેલું આધુનિકરણ નથી દેખાતુ, તેમણે જણાવ્યું હતું કે શહેરમાં અનેકવિધ વિકાસના પગલાં લેવાયા છે પણ આ લોકોને નહિ દેખાય. ભાજપના નાઝાભાઈ ધાંધરે જણાવ્યુ કે ચ-૫ અને ઘ-૫ના સર્કલથી આગળ પણ શહેર વિકસ્યુ છે અને તના વિકાસને તો જુઓ. ભાજપના કાર્તિક પટેલે જણાવ્યું હતું કે આપને વિકાસમાં કોઈ જ રસ હોય તેવુ દેખાતુ નથી. સેક્ટરોના બગીચાઓમાં બાળકોના માટે લગાવેલી રમત-ગમતની કીટો હોય કે શાળાઓના સ્માર્ટ ક્લાસરૂમ આ બધુ નહિ દેખાય.

કોંગીના શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યુ હતુ કે સ્માર્ટ સીટીના નામે લોકોના સૂચનો મેળવવા ખોટા ખર્ચ કરી પ્રજાના પૈસા વેડફવાની જરૂર નથી. અમરસિંહભાઈએ કર્મચારીઓને પ્લોટ આપ્યા ત્યારે સૂચનો નહોતા મેળવ્યા, તેમણે કહ્યુ કે વિકાસ એ સતત પ્રક્રિયા છે. અમે તો આ નગરને તેની આગવી ઓળખ ધરાવતુ શહેર બનાવો જેમાં સૌ શાંતિપૂર્ણ જીવન જીવી શકે.

જીતુ રાયકા અને અંકિત બારોટે જણાવ્યું હતું કે લાયબ્રેરી હોય કે જીમખાના તે બન્યા હતા ત્યારે કોંગ્રેસનું શાસન હતુ. નગરની રચનાને ૫૦ વર્ષ થયા અને મકાન રીપેર કરાવ્યુ તો એમાં શુ નવુ કર્યુ દરેક પોતાના ઘરે સમયાંતરે ફેરફાર કરાવતો જ હોય છે. મેયરે એક તબક્કે જણાવ્યુ હતુ કે પરીક્ષામાં નાપાસ થઈએ એટલે ભણવાનુ છોડી દેવાને બદલે વધુ મહેનત સાથે પુનઃ પરીક્ષા આપવાની વાતો આપણે સમાજમાં નથી કરતા. બસ આવુ જ છે એક વખત દરખાસ્ત નામંજૂર થઈ તો નિરાશ ન થતાં હકારાત્મક બનીએ અને દરખાસ્તને બહાલ રાખીએ.

મેયર પ્રવિણ પટેલે આજની આ સભાનું સંચાલન કરતાં સભ્યોને હકારાત્મક રહી અને રજુઆતો કરવા તેમજ સર્વાનુમતે દરખાસ્ત તો સ્વીકાર કરવા આગ્રહ કર્યો હતો. એક તબક્કે જીતુભાઈ રાયકાએ તૈયારી દર્શાવતા કહ્યુ કે મેયર તમે ખાત્રી આપો કે આ વખતે કેન્દ્ર અન્યાય નહિ કરે અને ગાંધીનગનો સમાવેશ થશે જ તમે લેખિતમાં ખાતરી આપતા હો તો અમે તમારી સાથે છીએ. બાકી ભાજપે તો વિકાસને રૂંધવાનું કામ કર્યું છે.

આ પછી ભાજપના કાર્તિક પટેલે જણાવ્યુ હતુ કે વિપક્ષના એક નેતાએ તો જર્નુમમાં સમાવેશ ગાંધીનગરનો કરાશે તેવી ખાતરી આપી હતી પરંતુ ના થયુ તેનું શું કરીશુ ? મામલો બગડશે તેમ જણાતાં મેયર પ્રવિણ પટેલે સભ્યોને શાંત પાડી અને દરખાસ્ત પરની જ ચર્ચા કરવા આગ્રહ કર્યો હતો. જો કે કોંગ્રેસે તેની ખાતરી આપવાની જીદ સાથે સભાત્યાગ કર્યો હતો. આ પછી મેયર પટેલે સ્માર્ટસિટી અંગેનું પ્રેઝન્ટેશન બનાવવા કમિશનરને જણાવ્યુ હતુ અને સભ્યોએ તે પ્રેઝન્ટેશન નિહાળી દરખાસ્તને સરકારમાં મોકલી આપવા તે બહાલી આપી હતી.

## ભાવ આસામાને...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કૃષિ પ્રધાન રાધામોહનસિંહ અને વાણિજ્ય પ્રધાન નિર્મલા સીતારામન ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત બેઠકમાં મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ પણ ઉપસ્થિત રહ્યા હતા. જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવને કઈ રીતે કાબૂમાં રાખવામાં આવે તે પાસા ઉપર ચર્ચા થઈ હતી. ઈન્ડસ્ટ્રી બોડી ફિક્કીએ ખાદ્યાન્ન પુરવઠાના વધુ યોગ્ય જતનના મુદ્દે પણ ચર્ચા કરી હતી અને આશા વ્યક્ત કરી હતી કે, ફુગાવો આરબીઆઈની હદમાં રહેશે. શાકભાજીના ભાવ ન પોશાય તેવી સપાટી ઉપર પહોંચે છે. લોકોના બજેટ બગડી ગયા છે. મંગળવારના દિવસે જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે, શાકભાજીનો ફુગાવો એપ્રિલ મહિનામાં ૨.૨૧ ટકા હતો જે વધીને મે મહિનામાં ૧૨.૯૪ ટકા થયો હતો. ટામેટાના ભાવ તમામને આશ્ચર્યચકિત કરી રહ્યા છે.

## નેનો પ્લાન્ટ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારમાં ટાટા નેનો પ્લાન્ટ નજીક આ વેન્ડર પાર્ક આવેલો છે. આગની જાણ થયા બાદ અગ્નિશામક દળની ૧૨ ગાડી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયરમેનોએ લગભગ બે કલાકની જહેમત બાદ આગને બુઝાવી હતી. આગમાં લાખો રૂપિયાની કિંમતનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. એડિશનલ ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટે કહ્યું હતું કે બપોરે લગભગ ૧ વાગ્યાના સુમારે ટાટા નેનોના એક એન્સિલરી યુનિટ, સુપ્રીમ ઈન્ડસ્ટ્રીઝમાં આગ લાગી હતી. ત્યાં પ્લાન્ટ માટે રબર મેટસ બનાવવામાં આવે છે. આગમાં રબર મેટ્સ, કાચો માલ, સાધનસામગ્રી વગેરેને નુકસાન થયું છે. આગ લાગ્યાની જાણ થયા બાદ સાણંદ, અમદાવાદ અને નેનો પ્લાન્ટમાંથી ફાયર એન્જિન્સને ઘટના સ્થળે મોકલવામાં આવ્યા હતા. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આગનું કારણ તત્કાળ જાણી શકાયું નહોતું.

## ફેરફારના અણસાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે જેથી એવી અટકળો ચાલી રહી છે કે, કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવશે. નરેન્દ્ર મોદી, અમિત શાહ અને સંઘની યોજાયેલી બેઠકમાં આ નિર્ણય કરવામાં આવ્યો છે. સંભવિત પ્રધાનોના નામ ઉપર ચર્ચા થઈ ચુકી છે.

કેબિનેટ વિસ્તરણની સ્થિતિમાં ભાજપના બે સાંસદો જે આસામમાં છે તેમને તક આપવામાં આવી શકે છે. આસામના આ બે સાંસદ ડિબ્રુગઢના રામેશ્વર તેલી અને માંગલદોઈના સાંસદ રમન ડેકાનો સમાવેશ થાય છે. અલ્હાબાદના સાંસદ શ્યામચરણ ગુપ્તા, રાકેશ સિંહ, ઓમ માથુર, બીકાનેરથી સાંસદ અર્જુન મેઘવાલ, ઉત્તરાખંડમાંથી ભગતસિંહ કોશિયારીના નામ ઉપર પણ ચર્ચા ચાલી રહી છે. ત્રણ પ્રધાનોની હકાલપટ્ટી કેબિનેટમાંથી થઈ શકે છે. ગિરિરાજસિંહ હંમેશા તેમના નિવેદનોના કારણે ચર્ચામાં રહે છે. રામેશ્વર તેલી આસામના મુખ્યમંત્રી બની ચુકેલા સર્વાનંદની જગ્યા લઈ શકે છે. સોનોવાલ મોદી કેબિનેટમાં રમતગમત મંત્રાલય સંભાળી રહ્યા હતા. જો કે, ચાર મુખ્ય ખાતાઓમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. ૨૦૧૭માં પાંચ રાજ્યોમાં ચૂંટણી યોજાનાર છે જેમાં ગુજરાત અને હિમાચલનો પણ સમાવેશ થાય છે. એકબાજુ ભાજપ ગુજરાતને જાળવવાના પ્રયાસ કરશે તો બીજી બાજુ કોંગ્રેસ પાસેથી હિમાચલને આંચકી લેવાના પ્રયાસ કરાશે. ઉત્તર પ્રદેશ, પંજાબ, મણિપુર, ઉત્તરાખંડમાં પણ ચૂંટણી યોજાનાર છે.

## તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

હોય, એપેન્ડીક્સનું ઓપરેશન કરાવેલ હોય વગેરે...

- FELLOPIAN TUBE ની કોઈ સર્જરી કરાવેલ હોય
- કોપર- ટી મુકાવેલ હોય જે બરાબર કામના કરતી હોય
- દવા જેના લીધે FELLOPIAN TUBEમાં EGGની મુવમેન્ટ ને અવરોધ થાય
- IVF treatment માં એમ્પલાન્ટ વખતે embryo ફેલોપિયન ટ્યુબ માં જ મુવ થાય ને ગ્રોથ થવા લાગે
- અગાઉ પણ ECTOPIC PREGNANCY રહેલ હોય
- તમાકુ, સિગારેટ, દારૂ નું વધુ પડતું સેવન

તો સાહેબ, Ectopic pregnancy એ વારસાગત હોય શકે ??

ના ના અલ્પાબેન Ectopic pregnancy એ વારસાગત નથી, વળી ઘણા લોકો ને પહેલા કે બીજા મહીને જ અબોર્શાન થાય છે પણ એ ને Ectopic pregnancy સાથે કોઈ લેવા દેવા નથી. કોઈ પણ પ્રકાર ની કસરત કરવાથી Ectopic pregnancy રહે એવું નથી.

- sgpathlab@gmail.com

## વિચારોના મધુવનમાં

● ૪ પાનાનું ચાલુ...

બચ્ચા પાર્ટીને ઓરેન્જ, રેડ અને લાઈટ ગ્રિન કલરની ચેર વધારે ગમે છે. તમારા બાળકને તેની સાથે પોતાની દુનિયામાં છોડી દો. આમ કરવાથી તેમની સર્જન શક્તિ ખીલી ઉઠે છે.

ઓરડાનું ક્ષેત્રનું તાપમાન, વાતાવરણ વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને બારીઓની પસંદગી કરવી જોઈએ.કુલ તળીયાના ૧૦ થી ૨૦ ટકા ભાગ સુધી જ બારીઓનું ક્ષેત્રફળ હોવું જોઈએ. ગરમ જગ્યાએ બારીનું ક્ષેત્રફળ ૧૦ થી ૧૫ ટકા જ હોવું જોઈએ. બારીઓની પસંદ તે ક્ષેત્રના વાતાવરણ, તાપમાન, કાર્ય વગેરે પર નિર્ભર કરે છે. રૂમમાં પ્રકાશ અને હવા માટે બારીઓની સંખ્યા રૂમના આકારને અનુસાર હોવી જોઈએ. બારીઓ એકબીજાથી વિરુદ્ધ દિશામાં હોવી જોઈએ. બારીઓ બહારની તરફ બંધ થવી જોઈએ. તેનાથી વરસાદનું પાણી અંદરની તરફ નહિ આવે.